# વિશ્વ પ્રાર્થના દિવસ

કુક ટાપુઓની WDP સમિતિ દ્વારા તૈયાર

7 માર્ચ 2025

“મેં તમને અદભુત બનાવ્યા”

હેતુ:

આ કાર્યક્રમ આપણને એ ઓળખવા માટે આમંત્રિત કરે છે કે ઈશ્વરે આપણામાંના દરેકને ખૂબ ધ્યાનથી અને પ્રેમાળ કાળજી સાથે બનાવ્યા છે. ઈશ્વર આપણને નજીકથી જાણે છે .અને આપણે આપણી વિશિષ્ટતામાં ઈશ્વર માટે વિશેષ છે જ્યારે આપણા હૃદયના દરવાજા આ સત્ય માટે ખોલીએ છીએ ત્યારે આપણા જીવનમાં બધું બદલાઈ જાય છે આપણે અંદરથી ચમકીએ છીએ અને આપણે બીજાઓને ઈશ્વરના પ્રિય બાળકો તરીકે ગણવાનું શરૂ કરીએ છીએ આ પ્રોગ્રામ દ્વારા આશા રાખીએ છીએ કે લોકો આત્મિક રીતે ઉત્થાન પામે કારણ કે તેઓ ઈશ્વરના મહાન પ્રેમ પર વિશ્વાસ કરવા આવશે.

બોલવાની ભૂમિકા

આગેવાન 1

આગેવાન 2

આગેવાન 3

બાઇબલ વાંચન કરનાર

સ્ત્રી 1

સ્ત્રી 2

સ્ત્રી 3

તૈયારીઓ

નીચેના પ્રતીકો એકત્રિત કરો

- ફૂલો

  વેદીની જગ્યાને તેજસ્વી રંગીન અને વૈવિધ્યસભર ફૂલોથી સજાવો. સેવા દરમિયાન આગેવાન હોય તેવા તમામ લોકો ફૂલ લેસ અને કુલનો તાજ અથવા માથાની ફૂલની માળા પહેરી શકે છે. સેવામાં આવનાર દરેક વ્યક્તિ માટે એક કુલ ઉપલબ્ધ રાખો. તિયારે માંગોરી એ કુક ટાપુઓનું રાષ્ટ્રીય ફૂલ છે. અને જો ઉપલબ્ધ હોય તો તેનો ઉપયોગ કરી શકાય છે. કુક ટાપુઓમાં સામાન્ય રીતે અન્ય ફૂલોમાં જાસુદ ગુલદાઉ દી (સેવંતી) અને ચંપાનો સમાવેશ થાય છે.

  ફૂલો એ કુક આઇલેન્ડ ની ઓળખ નો અભિન્ન ભાગ છે. જે પ્રેમ મિત્રતા અને આદર નું પ્રતીક છે. લોકો વારંવાર ફૂલોનો મુગટ અને લીસ પહેરે છે અને ફૂલો ઘણીવાર કોક આઇલેન્ડના કાપડ કલા કપડા અને રજાઈ પર દેખાય છે.

  વાદળી કાપડ પાણીનો બાઉલ છીપલા

  વાદળી કાપડ પાણીનો બાઉલ છીપલા સમુદ્રને દર્શાવવા ઉપયોગ કરો.

  કુક ટાપુઓમાં સમુદ્ર એ જીવનનું નિર્ણાયક લક્ષણ છે મહાસાગર એ જીવન છે તે ખોરાક, આજીવિકા અને મુસાફરીનું સાધન છે સમુદ્ર લોકો અને સમુદાયોને જોડે છે.

  નારિયેળના ઝાડ ના પાંદડા અથવા ફળ  ના ઝાડ નો ફોટોગ્રાફ અથવા ચિત્ર સામેલ કરો. જો નાળિયેરના પાન અથવા ફળ ઉપલબ્ધ હોય તો તેનો ઉપયોગ વેદીની જગ્યા પર પણ કરી શકાય છે.

  નાળિયેરના ઝાડને કુક આઇલેન્ડમાં" જીવનનું વૃક્ષ" તરીકે ઓળખવામાં આવે છે કારણ કે વૃક્ષના દરેક ભાગ ઉપયોગી છે તે ખોરાક, પીણું, દવા, હસ્તકલા અને મકાન બાંધકામની સામગ્રી પ્રદાન કરે છે.

  નાવડી

  વેદીની જગ્યા પર નાવડી અથવા નાવડી નું ચિત્ર સામેલ કરો

  નાવડી એ કુક ટાપુવાસીઓ માટે મુસાફરીનું પરંપરાગત માધ્યમ છે આ પ્રતિક આપણા પોલીનેશિયન પૂર્વજોની ઈશ્વરે આપેલી ચાતુર્યનું પ્રતિનિધિત્વ કરે છે જેમણે નાવડી બનાવી છે.

  બાઇબલ

બાઇબલ ને વેદીની જગ્યા પર મૂકો

ગીતશાસ્ત્ર 139:14 ઉઘાડો

પ્રસ્તાવના

સભાજનો આવે ત્યારે સમુદ્ર ના મોજાનો અવાજ વગાડો. (10- 15 મિનિટ પહેલા સેવા શરૂ કરો.) ઓડિયો અથવા વિડિયો રેકોર્ડિંગ હોઈ શકે છે .

પ્રવેશ કરનાર દરેક વ્યક્તિને ફૂલનું વિતરણ કરો તેમને તેમના કાનની પાછળ  ફુલ મુકવા અથવા તેમને લેપલ તરીકે પહેરવા આમંત્રિત કરો

સ્વાગત ગીત

સભા શરૂ થાય ત્યારે આગેવાનો1,2,3 સફાજનો સમક્ષ ઉભા રહે છે.

સંગીત કરો સ્વાગત ગીત નું નેતૃત્વ કરે છે

તુરો તુરો

ઓરો માઈ  ઑરો માઇ

ઇ તે ઓ ને ઇ

ઇ કો કો

સ્વાગત છે સ્વાગત છે

બધા બધા આવો

આખી દુનિયા

ઈ કો કો

આવકાર અને ઉદબોધન

નેતા 1 બોલે છે.

કિયા ઓરોના!

આજની આરાધનાની સેવા પેસિફિકના કુક  ટાપુઓમાંથી વિશ્વ વ્યાપી ખ્રિસ્તી મહિલાઓના જૂથમાંથી આપણી પાસે આવી છે માઓરી ભાષામાં એક વાક્ય છે જેનો ઉપયોગ કુક ટાપુવાસીઓ એકબીજાને અભિવાદન કરવા માટે કરે છે કીઆ ઓરાનાનો અર્થ ફક્ત હેલો કરતા વધુ થાય છે.

તેનો અર્થ છે તમે લાંબુ જીવો અને તમે સારી રીતે જીવો તમે સૂર્યની જેમ ચમકો તમે મોજાઓ સાથે નૃત્ય કરો

કુક ટાપુઓની આપણી બહેનોએ આ  માઓરી શબ્દ સમૂહ સાથે આજે સમગ્ર વિશ્વને એકબીજાને શુભેચ્છા પાઠવવા આમંત્રણ આપ્યું છે મારા પછી પુનરાવર્તન કરવા માટે તમારું સ્વાગત છે.

કિયા ઓરાંના

કિયા ઓરાના

તમે લાંબુ જીવો

તમે લાંબુ જીવો

તમે સારી રીતે જીવો

તમે સારી રીતે જીવો

તમે જેને ચમકો

તમે સૂર્યની જેમ ચમકો

તમે મોજાઓ સાથે નૃત્ય કરો

તમે મોજા સાથે નૃત્ય કરો.

નેતા બે બોલે છે

કિયા ઓરાના

કિયા ઓરાના

થોડી ક્ષણ સુધી તમારા શ્વાસની નોંધ લો.

દરિયાના મોજાની જેમ તમારો શ્વાસ અંદર અને બહાર કેવી રીતે આવે છે તેના પર ધ્યાન આપો

( લાંબો વિરામ)

આજે અહીં ભેગા થઈને આપણામાંના દરેકનો શ્વાસ છે .તે આૅશ્ચર્ય જનક નથી !જીવનની આ ભેટમાં આપણે બધા સહભાગી છે. જેમ જેમ સમુદ્રના મોજા ઉછળતા અને પડતા હોય છે તેમ તેમ આપણા શ્વાસ અંદર અને બહાર વહે છે.

ચાલો હવે આગળ વધીએ અને એક મોટી તરંગ બનાવીએ ઊંડો શ્વાસ લો જીવનની આ પવિત્ર અને વહેંચાયેલ ભેટને જોડો અને અનુભવો.

( થોભો)

નેતા ત્રણ બોલે છે

કિયા ઓરાના

કિયા ઓરાના ચાલો જોડાવા માટે બીજી ક્ષણો લઈએ આ માટે તમારે તમારી કલ્પના ની જરૂર પડશે. તમારી નસો અને તમારી ધમનીઓ માંથી વહેતા લોહીની કલ્પના કરો. નદીઓની જેમ વ હેતી .

(થોભો)

જેમ નદી કિનારે અને પૃથ્વીના ખેતરોમાં પોષક તત્વો લાવે છે તેમ તમારું લોહી તમારા શરીરના દરેક અંગો માટે પોષક તત્વો લાવે છે

લાંબો વીરામ

શું તે આચાર્ય જનક નથી કે ઈશ્વર આ રીતે કામ કરવા માટે આપણું શરીર બનાવ્યું છે ?દરેક અંગમાં આરોગ્ય અને જીવન લાવવા માટે ?અમને દરરોજ મજબૂત જીવન અને ગતિશીલ રાખવા માટે? નેતાએ બોલે છે

કિયા ઓરાના

કિયા ઓરાના

હવે તમને તમારા શરીરના એવા ભાગને શોધવા માટે આમંત્રિત કરવામાં આવે છે કે જે વધુ પડતું નુકશાન ન કરે અને સમય અને અવકાશ દ્વારા તમારી ત્વચાની સંવેદનાને અનુભવવાનો પ્રયાસ કરો. તમે તમારી આંગળીઓને હલાવવા માંગો છો અથવા તમારા અંગૂઠાને હલાવો અથવા કદાચ

તમે તમારા હાથ અથવા તમારા ચહેરા પરની ત્વચાને સ્પર્શ કરવા માંગો છો. અથવા કદાચ તમે ખાલી બેસીને ધ્યાન આપો કે ખુરશી બેઠક તમને કેવી રીતે ટેકો આપે છે જ્યારે તમે તમારા શરીરને સંલગ્ન કરો છો. ત્યારે બાળક તરીકે યાદ રાખો જ્યારે તમે ફક્ત વિશ્વમાં ફરવા માટે આનંદ અનુભવો છો.

લાંબો વિરામ

નેતા બે બોલે છે

ઈશ્વરે અમને શરૂઆતથી જ અદભૂત બનાવ્યા છે અમને અમારી માતાના ગર્ભાશયમાં એક સાથે વણીયા છે

નેતા ત્રણ બોલે છે

અને આત્મા  દરેક દિવસની દરેક ક્ષણમાંથી વહેતો રહે છે. જે આપણને જીવનની આશ્ચર્યજનક ભેટ અનુભવવા મદદ કરે છે.

નેતા1 બોલે છે

આપણામાંના દરેક એક અનન્ય છે અને ઈશ્વર ખૂબ જ પ્રેમ કરે છે આસપાસ જુઓ. આજે અહીં એકઠા થયેલા બધાને જુઓ બંને આ જગ્યામાં અને સમગ્ર વિશ્વમાં આજુબાજુ જોવા માટે થોડો સમય કાઢો. અને એકબીજાની ભેટની પ્રશંસા કરો.

( લોકો એકબીજાની આસપાસ જુએ છે. ત્યારે લાંબો વીરામ )

સ્તુતી ગીત( થીમ ગીત) સંગીતકારો ગાયનમાં મંડળનું નેતૃત્વ કરે છે નેતાઓ1,2,3 ઊભા રહે છે

ભય અને આશ્ચર્ય પમાડે એવી રીતે મને રચવામાં આવ્યો છે માટે હું તારી આભારસ્તુતી  કરીશ. તારા કામ આશ્ચર્યકારક છે એ મારો જીવ સારી પેઠે જાણે છે.

શરૂઆતની પ્રાર્થના

નેતા2 બોલે છે

ચાલો આપણા સર્જનહારને પ્રાર્થના કરીએ

ઈશ્વર  જેણે આપણને અદભુત બનાવ્યા. વિશ્વભરની બહેનો અને ભાઈઓની આ સંગત માટે આભાર જેમ જેમ આપણે એકબીજા સાથે આવીએ છીએ તેમ અમને તમારા માટે અને એકબીજા માટે અમારા હૃદય ખોલવામાં મદદ કરો. અમારા મનની બધી ચિંતાઓથી શાંત કરો જે અમને વ્યસ્ત કરે છે. અમને તમારી સાથે અને બીજા સાથે ફરીથી જોડો જેથી અમે બધા તેજસ્વી રીતે ચમકી શકીએ અને તમારા પ્રેમને વિશ્વમાં ફેલાવી શકીએ. આમીન

ચાલો હવે કુક ટાપુ અને મહિલાઓના અવાજ દ્વારા ઈશ્વરને સાંભળીએ. સંગીતકારો ધીમુ સંગીત આપે છે આગેવાન1,2,3 નીચે બેસી શકે છે અને સ્ત્રી1 ઊભી થઈ શકે છે

શાસ્ત્ર વાંચન, વાર્તા અને ગીત (બહારથી અથવા પાછળથી બોલવું) ગીતશાસ્ત્ર ના પુસ્તક માંથી વાંચન

હે યહોવાહ તે મારી પરીક્ષા કરી છે અને તું મને ઓળખે છે

મારે બેસવું તથા ઉઠવું તું જાણે છે

તું મારો વિચાર વેગડેથી સમજે છે. મારું ચાલવું તથા સૂવુંપણ તું તપાસી જુએ છે,

તું મારા બધા માર્ગ નો માહિતીગાર છે. કેમકે હે યહોવા તું મારી જીભની બધી વાતો પૂરેપૂરી જાણે છે ,

તે આગળ પાછળ મને ઘેરી લીધો છે અને તારા હાથે મને ઝાલી રાખ્યો છે આવું જ્ઞાન મને આશ્ચર્ય પમાંડનારું છે.

તે અતી ઉચ્ચ છે,  હું તને  કળી શકતો નથી

વાર્તા1

ઈશ્વર આપણને જાણે છે

સ્ત્રી બોલે છે

કિયા ઓર આના

- મારું નામ “મી”છે .હું 15 વર્ષનો છું ફેબ્રુઆરી 2022 મારા માટે ડરામણો મહિનો હતો.આ તે મહિનો હતો જ્યારે મારા પરિવારને પ્રથમ વખત covid 19 પોઝિટિવ વ્યક્તિ સાથે સંપર્ક

થયો હતો .જ્યારે મેં પ્રથમ વખત તેના વિશે સાંભળ્યું ત્યારે હું ભયભીત થઈ ગયો મારા પપ્પાને ખરાબ લાગ્યું કારણ કે તેઓ જ તેને અમારા ઘરમાં લાવ્યા હતા. હું ખરેખર અસ્વસ્થ હતો મને લાગ્યું કે અમે મરી જઈશું. હું એવા લોકોને જાણતો હતો કે જે લોકો કોવિડ થી મૃત્યુ પામ્યા હતા. મેં વિચાર્યું કે હું મરી જઈશ અને મારા ભત્રીજા નો જન્મ થાય ત્યારે તેને જોઈ શકીશ નહીં. મેં એવી વસ્તુઓ વિશે વિચારવાનું શરૂ કર્યું જે નો મે હજી અનુભવ કર્યો નથી. હું પ્રાર્થના કરવા લાગ્યો ને ઈશ્વરને મારા પરિવારની સંભાળ રાખવા વિનંતી કરી મને ખબર ન હતી કે આગળ શું થશે? હું ઈશ્વર તરફ વળ્યો અને માર્ગદર્શન માંગ્યું .હું ગભરાઈ ગયો હતો અને ડરી ગયો હતો પણ હું જાણતો હતો કે પ્રાર્થના મને શાંત થવામાં મદદ કરશે અને તે કામ કર્યું. મેં રડવાનું બંધ કર્યું અને મારા હૃદયમાંથી બોજ દૂર થયો

અને પછી મને સમજાયું કે ઈશ્વર મારા જીવનની દરેક વીગતો જાણે છે ઈશ્વર મારી તકલીફ અને ડર જાણે છે ઈશ્વર મારા વિશે જાણે છે અને કાળજી રાખે છે જ્યારે હું ડરતો હોઉં ત્યારે મને શાંત થવામાં મદદ કરે છે ઈશ્વર મને જાણે છે ઈશ્વર તમને જાણે છે અને આપણે જેમાંથી પસાર થઈ રહ્યા છે તે ઈશ્વર જાણે છે .

સંગીતકારો સંગીત આપે છે

સ્ત્રી 1 અને સ્ત્રી 2 જગ્યાએ બેસે છે

ગીતશાસ્ત્ર 139:7-12

( પાછળથી અથવા સ્ટેજની બહારથી બોલે છે)

તારા આત્મા પાસેથી હું ક્યાં જાઉ? તારી હાજરીમાંથી હું ક્યાં નાસીજાઉં? જો હું આકાશમાં ચડી જાઉં તો તું ત્યાં છે જો હું સેઓલમાં મારી પથારી નાખું તો ત્યાં પણ તું છે .

જો હું પરોઢિયાને પાંખો લઈને સમુદ્રને પેલે પાર જઈને વસુ;

તો ત્યાં પણ તારો હાથ મને દોરશે અને તારો જમણો હાથ મને ઝાલી રાખશે;

જો હું કહું કે અંધકાર તો નિશ્ચે મને ઢાંકશે ત્યારે રાત મારી આસપાસ અજવાળા રૂપ થશે,

અંધકાર પણ મને તારાથી સંતાડતો નથી .

પણ રાત દિવસની પેઠે પ્રકાશે છે; તારી આગળ અંધારું અને અજવાળું બેઉ સરખા જ છે

વાર્તા 2

ઈશ્વર આપણી સાથે છે

સ્રી2 બોલે છે.

કિયા ઓરોના

મારું નામ વૈનીયું છે મારો જન્મ 1958માં આઇ તું તાકી તાપુ પરp થયો હતો .અને દાદા દાદી સારા ઉછેર માટે સંસ્કૃતિના મૂલ્યમાં દ્રઢપણે  માનતા હતા. હું અરોરા પ્રાથમિક શાળામાં ભણ્યો હતો. મારા શિક્ષણના પ્રથમ ત્રણ વર્ષ કુક આઇલેન્ડ માઓ રી શિક્ષણની ભાષા હતી જો કે જેમ જેમ શાળામાં આગળ વધતો ગયો તેમ તેમ તે સ્પષ્ટ થયું કે અંગ્રેજી ભાષાને ઘણું  મહત્વ આપવામાં આવ્યું છે. દુર્ભાગ્ય હું જે શાળાઓમાં ભણ્યો હતો તે શાળાઓએ અમને અમારા વર્ગોમાં અને રમતોના મેદાનમાં અંગ્રેજી બોલવા માટે પ્રોત્સાહિત કર્યા અમને અમારા શિક્ષકો દ્વારા કહેવામાં આવ્યું હતું કે અમારી માતૃભાષા ન બોલો અમને અંગ્રેજી ભાષામાં ડૂબી જવા માટે કહેવામાં આવ્યું હતું . કમનસીબે તે સમયે ઘણા લોકો માનતા હતા કે અંગ્રેજી સાર્વત્રિક ભાષા છે વેપારની ભાષા છે અને તેથી શ્રેષ્ઠ ભાષા છે. તે દિવસોમાં પશ્ચિમનો પ્રભાવ પ્રબળ હતો મને આની સાથે સંઘર્ષ કરવો પડ્યો. કારણકે હું માઓરી અસખલીત બોલતો હતો અને અંગ્રેજી થોડું બોલતો હતો મારા દાદી મામા મેરેનું તેમના પૌત્રને માઓરી બોલવા માટે પ્રોત્સાહિત કરે છે મેં મામા મેરે ના તરફ જોયુ મારા બાળપણ પર તેની ભારે અસર પડી તે મારા માર્ગદર્શક અને જીવનમાર્ગમાં રોલ મોડલ હતી તેના દ્વારા જ રોપવું અને ખોરાક તૈયાર કરવો અને યોગ્ય રીતે બોલીને મૂલ્યવાન અને આજીવન કૌશલ્ય શીખ્યા હું દ્રઢ પણે માનું છું કે આપણે કોણ છીએ અને ક્યાંથી આવ્યા છે તે ઘડવામાં આપણા વડીલો મહત્વની ભૂમિકા ભજવે છે વર્ષોથી અંગ્રેજી  ભાષાએ વેગ પકડ્યો છે. અને અમારી માઓરી ભાષા નું મૂલ્ય ઘટી ગયું છે. મારા જીવનના શરૂઆતના વર્ષોમાં ઓપચારિક શિક્ષણની મારા પર સકારાત્મક અસર પડી ન હતી કારણ કે હું મારા માતા-પિતા દાદા દાદી અને કુટુંબીજનો પાસેથી ઘરે જે શીખ્યો છું તે પશ્ચિમ વર્ગખંડમાં મારા શિક્ષકો દ્વારા મને જે શીખવવામાં આવ્યો હતો તેનો વિરોધાભાસ કરે છે અમે જે પુસ્તકો અને પાઠો વાંચ્યા અને શીખ્યા તે બધું અંગ્રેજીમાં હતુ. હું વિચારતો હતો કે આ અંગ્રેજી પુસ્તકો અને પાઠો મને શાકભાજી રોપવામાં ઊનું (ground oven) બનાવવામાં, ખોરાક શોધવામાં, કપડાં ધોવામાં અને મરઘા અને ભૂંડને ખવડાવવામાં કેવી રીતે મદદ કરશે? ગુમાવવાની તીવ્ર લાગણીએ વર્ગ ખંડમાં ભાગ લેવાનું છોડ્યું

મને યાદ છે કે શાળામાં એક વખત હું દેશી ભાષા બોલતા પકડાયો હતો મારા શિક્ષકે મને કાર્ડ બોર્ડની નિશાની પહેરાવી અને શિક્ષા કરી જેમાં લખ્યું હતું કે" હું માવરી વક્તા છું" તેણીએ મને અટકાયતમાં મુક્યો અને શાળાના રમતના મેદાનમાંથી તે ગરમ દિવસે પિકી કા તરીકે ઓળખાતા કાંટાદાર નીંદણને બહાર કાઢવાની ફરજ પાડી. હું મારા સાથીદારોની સાથે અપમાનિત અને શરમજનક હતો. એ દિવસ હું ક્યારેય ભૂલી ન શકયો તે અનુભવના પરિણામે હું અંગ્રેજી બોલવા અને મારી માતૃભાષા વિશે થોડું કહેવાનું નક્કી કર્યું . મારી ભાષા અને સંસ્કૃતિનું કેવી રીતે અમૂલ્યન થયું તેનું આ માત્ર ઉદાહરણ છે.

ઈશ્વરે આપણને વિશ્વભરમાં અનન્ય અને વિશિષ્ટ ભાષાઓ આપી છે અને આપણે તે ભાષાઓને સન્માન અને આદર કરવો જોઈએ. હું માનું છું કે માઓરી ભાષા આપણા શિક્ષણ અને શીખવાના વાતાવરણમાં સર્વોપરી હોવી જોઈએ. શિક્ષકો અને વિદ્યાર્થીઓ માઓરી ને તમામ વિષયોમાં બોલવા શીખવવા અને લખવા માટે પ્રોત્સાહિત કરી શકે છે. અને માતા પિતા આપણી માઓરી ભાષાને ઘરે બોલીને ટકી રહેવાની તક આપી શકે છે.

મારા બાળપણના તે શરૂઆતના વર્ષો દરમિયાન શાળા પ્રણાલી દ્વારા મારું અમૂલ્યન અને શરમજનક હોવા છતાં હું જાણું છું કે ઈશ્વર હજી પણ મારી સાથે હતા જ્યારે આપણને બહાર કાઢવામાં આવે છે અને અનાદર યુક્ત વ્યવહાર કરવામાં આવે છે ત્યારે પણ ઈશ્વર આપણી સાથે છે. ઈશ્વર આપણી સાથે સમુદ્રના તળિયે અંધકારમાં જાય છે જ્યાં કોઈ પ્રકાશ નથી અને ઈશ્વર આપણને ત્યાં અંધકારમાંથી અદભુત પ્રકાશમાં લઈ જવામાં મદદ કરે છે.

કિયા ઓ રોના

એક કિયા મનુઆ મારી વાર્તા સાંભળવા બદલ આભાર ભગવાન તમારું ભલું કરે.

સંગીતકારો નેતૃત્વ કરે છે

સ્ત્રી 2બેસે છે અને સ્ત્રી3 સ્થાન પર આવે છે

ગીત શાસ્ત્ર 139:13-18

પાછળથી અથવા સ્ટેજની પાછળથી બોલે છે

મારું અંતઃકરણ તે ઘડ્યું છે

અને મારી માના પેટમાં તે મારી રચના કરી છે

ભય તથા આચાર્ય પમાડે તે રીતે મને રચવામાં આવ્યો છે માટે હું તારી આભાર સ્તુતી કરીશ

તારા કામ આશ્ચર્યકારક છે તે મારો જીવ સારી પેઠે જાણે છે

જ્યારે મને અદ્રશ્ય રીતે રચવામાં આવ્યો અને પૃથ્વી પર છેક નીચેના ભાગમાં વિવિધ કરામતથી મને ગોઠવવામાં આવ્યો

ત્યારે પણ મારું ખોડીયું તને અજાણ્યું ન હતું.

મારો ગર્ભ તારી આંખોએ જોયો છે અને મારું એકે અંગ થયેલું ન હતું ત્યારે પણ તેઓ તેમ તેઓના ઠરાવેલા સમયો તારા પુસ્તકમાં લખેલા હતા

હે ઈશ્વર તારા વિચારો મને કેટલા બધા મૂલ્યવાન લાગે છે

જો હું તેઓને ગણવા જાઉ તો તેઓ રેતીના કણ કરતા વધારે થાય જ્યારે હું જાગુ ત્યારે હું હજી તારી સાથે હોઉં છું.

ચાલો હવે ડોક્ટર ડોન ની વાર્તા સાંભળીએ

વાર્તા ૩

ઈશ્વરે આપણને અદભુત બનાવ્યા.

સ્ત્રી ૩ બોલે છે.

કિયા ઓરોના

મારું નામ ડોક્ટર ડોન છે.

ડોક્ટર બનવું એ મે અત્યાર સુધી કરેલી સૌથી મુશ્કેલ બાબતો માં ની એક હતી પરંતુ તે મૂલ્યવાન છે જ્યારે એક માતા કહે છે કે તેણીનું ન બાળક હવે સ્વસ્થ છે અને મેં તે બાળકનો જીવ બચાવવામાં મારી ભૂમિકા ભજવી છે તે ખરેખર મારા હ્રદયને ઉત્તેજિત કરે છે. એકવાર એક છોકરી જેણે મને દસ વર્ષથી જોયો ન હતો તેણે મને ગળે લગાવીને કહ્યું કે હું હજી તેનો બેબી ડોક્ટર છું મને બાળકો સાથે કામ કરવાની ખૂબ જ મજા આવે છે. તેઓ મને એવા સમયે સેવા આપવાનું બળ આપે છે જ્યારે કુક ટાપુઓ માટે અમારા કર્મચારીઓ દેશ છોડવાના જોખમમાં છે.

મેં ફીજીમાં સાત વર્ષ અભ્યાસ કર્યા પછી 2003માં હજી ડોક્ટર તરીકે સ્નાતક થયો તે સમયે કુક ટાપુઓમાં  બાળકરોગ ના નિષ્ણાંત પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું. મારા પુરોગામી ડોક્ટર હેનરી ડાયવો પછી હું કુક ટાપુઓમાં બાળરોગ વિભાગમાં કુક આઇલેન્ડની પ્રથમ મહિલા ડોક્ટર બનીહું ડૉ મુનરો નો પણ ઉલ્લેખ કરવા માગું છું જેમણે અગાઉ અમારા બાળરોગના વોર્ડની દેખરેખ રાખી હતી. એક બાળકના ડોક્ટર તરીકે મારી પ્રથમ

પ્રાથમિકતાઓ માની  એક એ સુનિશ્ચિત કરવાનું હતું કે 24 કલાકની અંદર અમારી ટીમ દ્વારા તમામ બાળકોનું ચેક અપ થાય ખૂબ જ બીમાર અને પ્રીમેચયોર નવજાત  શિશુઓની સંભાળ લેવા સજ્જ અને કુશળ બનવામાં મદદ કરવી, અમારા કાર્યને સ્થાપિત કરવામાં માર્ગદર્શિકા અને પ્રોટોકોલ જાહેર કર્યા. અમે કુક્ તાપુ  અને ન્યૂઝીલેન્ડમાં ઓકલેન્ડ અને સ્ટારશીપ  હોસ્પિટલના અમારા મહાન સમર્થક વચ્ચેના જોડાણમાં સુધારો કર્યો છે .અમારા બાળકોને માટેના સ્વાસ્થ્ય ને સુધારવા માટે વિશિષ્ટ કાળજી રાખવી એ મુખ્ય પરિબળ છે. 1995 થી અત્યાર સુધી કોઈ માતૃ મૃત્યુ થયું ન હોય તેવો એકમાત્ર પેસિફિક ટાપુ દેશ હોવા પર અમને ગર્વ છે.

કૂક ટાપુઓમાં અમારી હેલ્થ કેર સિસ્ટમના અન્ય ક્ષેત્રોમાં પણ દાયકાઓમાં સુધારો થયો છે. 1990 ના દાયકાથી વિશેષ  સંભાળમાં ઘણો સુધારો થયો છે કારણ કે ધ્યાન ચેપી રોગથી ઉપચારાત્મક દવા તરફ ખસેડવામાં આવ્યું છે સર્વાઇકલ અને સ્તન કેન્સર માટેના અમારા સ્ક્રીનિંગ કાર્યક્રમમાં ઘણો સુધારો થયો છે. જો કે હજુ કામ કરવાનું બાકી છે આપણે વધુ સારી પ્રાથમિક આરોગ્ય સંભાળ ઓફર કરવા અને બિનચેપી રોગો અને રોગચાળાને રોકવા પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ. આપણે માનસિક સ્વાસ્થ્ય પર ધ્યાન કેન્દ્રિત કરવાની જરૂર છે અમારે અમારા વૃદ્ધો માટે સપોર્ટ સિસ્ટમ મજબૂત કરવાની જરૂર છે. અમારી કિશોરવય ની ગર્ભાવસ્થાને હજુ પણ ધ્યાન આપવાની જરૂર છે. ગર્ભ નિરોધક ની સુલભતા પ્રમાણમાં સરળ હોવા છતાં સેવનને વધુ પ્રોત્સાહનની જરૂર છે આપણા સમુદાયોએ એક કાર્ય કરવું જોઈએ અને તેમના પોતાના સસ્વાસ્થ્ય માટે જવાબદારી લેવી જોઈએ આરોગ્ય અને સુખાકારી કે દરેક માટે કામ છે જો આપણે સાથે મળીને કામ કરીએ તો જ આપણે સુધારી શકીશું.

 દવાનો અભ્યાસ કરવાની પ્રેરણા અને તક આપીને આશીર્વાદ આપીને મને અદભુત બનાવ્યું છે અને મેં ડોક્ટર તરીકે કોક ટાપુઓના લોકોને સેવા કરીને ઈશ્વરના આશીર્વાદનો જવાબ આપ્યો જેમ જેમ મેં વર્ષોથી આરોગ્ય સંભારમાં કામ કર્યું છે તેમ મને વધુને વધુ ખ્યાલ આવે છે કે ઈશ્વરે આપણા બધાને અદભુત બનાવ્યા છે આપણું શરીર મન અને આત્મા આપણા પ્રેમાળ સર્જક દ્વારા

એક સાથે ગુથેલા હતા. હું ભયભીત અને અદભુત રીતે બનાવવામાં આવ્યો છું તમે ભયભીત અને અદભુત રીતે બનાવવામાં આવ્યા છે આપણે બધા ભયભીત અને અદભુત રીતે બનેલા છીએ.

સ્તુતિ ગીત

સંગીતકારો ગીત ગાવામાં આગેવાની લે છે ગાયન દરમિયાન ૩ નીચે બેસે

ભય પમાડે તે રીતે બનાવવામાં આવ્યો છું, અદભુત રીતે બનાવવામાં આવ્યો છું

તમારા કાર્યો અદભુત છે, જે મારો આત્મા સારી રીતે જાણે છે

અને હું મારા બધા દિવસો તમારી પ્રશંસા કરીશ

તમે ભય પમાડે તે રીતે બનાવવામાં આવ્યા છો અદભૂત રીતે બનાવવામાં આવ્યા છો તમારા કાર્ય અદભુત છે જે મારો આત્મા સારી રીતે જાણે છે અને હું મારા બધા દિવસો તમારી પ્રશંસા કરીશ.

મધ્યસ્થી પ્રાર્થના

સંગીત ટીમ માંથી કોઈ બોલે છે

જેમ જેમ આપણે આપણા પ્રાર્થના ના સમય પર આવીએ છે .ચાલો આપણે  આપણા હૃદયને ઈશ્વર સમક્ષ આવવા માટે તૈયાર કરીએ જ્યારે આપણે પ્રાર્થના કરીએ છીએ ત્યારે  આપણો ઈશ્વર સાથેનો આપણો સંબંધ ગાઢ બનાવીએ છીએ અને જ્યારે આપણે ઈશ્વર સાથેનો આપણો સંબંધ ગાઢ બનાવીએ છીએ ત્યારે આપણે ઈશ્વરની બધી રચનાઓ સાથે વધુ જોડાયેલા બનીએ છીએ ચાલો આપણે આપણા હૃદય અને આત્માઓને ઈશ્વર માટે ખોલીએ.

સંગીતકારો પ્રાર્થના ગીત ગાવામાં બધાનું નેતૃત્વ કરે છે ગાયન દરમિયાન નેતાઓ 1,2અને ત3 સ્થાન મેળવે છે.

ઈશ્વર જે આપણને જાણે છે ઈશ્વર છજે આપણી સાથે છે, ઈશ્વર જેણે  આપણને બનાવ્યા. તમને પ્રાર્થના કરીએ છીએ.

નેતા 1 બોલે છે

મહાન ઈશ્વર અમે તમારાથી ડરીને ઉભા છીએ અમે તમને મહિમા આપીએ છીએ કારણ કે તમે કોણ છો? સમગ્ર વિશ્વના સર્જક તમે સુંદર કુક ટાપુઓ બનાવ્યા છે ફળદ્રુપ જમીનો પર્વતો અને મહાસાગરો. અને તમે વિશ્વના દરેક ભાગમાં સુંદરતા બનાવી છે તમે જમીન પર કૂકડો અને સમુદ્રમાં વ્હેલ બનાવ્યા અને તમે અમને બનાવ્યા મનુષ્ય ભયભીત અને અદભુત રીતે તમારી પ્રતિમા પ્રમાણે  બનાવવામાં આ બધી ક્રિયાઓ તમારા ભવ્ય મહિમાને પ્રગટ કરે છે.

સંગીતકારો પ્રાર્થના ગીત નું પુનરાવર્તન કરે છે પછી નેતા 2 બોલે છે

વિશ્વાસુ ઈશ્વર અમારા જીવનની દરેક ક્ષણ અમારી કાળજી લેવા બદલ તમારો આભાર તમે અમારા ભય અને ચિંતામાં અમારી સાથે રહ્યા છો અમારી હતાશા માં તમે અમને નાણાકીય મર્યાદાઓ અને ભવિષ્ય વિશેની અનિશ્ચિતતાઓ સહન કરવામાં મદદ કરી છે. તમે ચક્રવાત અને સુનામી જંગલની આગ અને ધરતીકંપ દ્વારા અમારી સાથે હાજર રહ્યા છો તમે અમને covid 19માં પકડી રાખ્યા હતા. જેણે ઘણા લોકોને શારીરિક અને માનસિક સુખાકારીને અસર કરી હતી.

ઈશ્વર અમારી શક્તિશાળી પ્રાર્થના ચળવળનું નેતૃત્વ કરતી તમામ મહિલાઓ માટે તમારો આભાર.

વિશ્વ પ્રાર્થના દિવસને ભૂતકાળથી વર્તમાનમાં પસાર કરનારા mamas માટે અમે તમારી પપ્રશંસા કરીએ છીએ

વિપુલતા  ઈશ્વર અમે તમારા માટે ખરેખર આભારી છે અને અમે તમારી વફાદારી માટે તમારી પ્રશંસા સિવાય મદદ કરી શકતા નથી

સંગીતકારો પ્રાર્થના ગીતનો પુનરાવર્તન કરે છે પછી નેતા ૩ બોલે છે.

નમ્ર હૃદય સાથે તમારી સમક્ષ અમારા ઘણા પાપોની ક્ષમા મેળવવા માટે તમારી સમક્ષ આવ્યા છે. શબ્દમાં કાર્યમાં અને વિચારોમાં અમે અમારી આસપાસના લોકો માટે નિર્દેય શબ્દ બોલ્યા છે અમે તેમને તમારા દ્વારા અદભુત રીતે બનાવેલ ગણવાની અવગણના કરી છે અમે મહાસાગરને પ્રદૂષિત કર્યા છે અને પર્યાવરણનો નાશ કર્યો છે તમારી સુંદર રચના ની કાળજી લેવાની ઉપેક્ષા કરી છે અમારા અભિમાન અને હિંમતના અભાવે અમને અને બીજાઓને નુકસાન પહોંચાડ્યું છે આ બધાને કારણે અમે તમારા આશીર્વાદ અને પ્રેમ ચૂકી ગયા છીએ.

સંગીતકારો પ્રાર્થના ગીતનો પુનરાવર્તન કરે છે પછી નેતા 1 બોલે છે.

કૃપાળુ ઈશ્વર કૃપા કરીને અમારા હૃદયની ઝંખનાઓ સાંભળો અમારી અંદર તમારા પાત્ર અને પ્રતિમા ને ફરીથી બનાવો . આપણી  દેવી સુંદરતાને સ્વીકારવા માટે અમારી આત્મિક આંખો અને મન ખુલો અને અમને આ સુંદરતા અન્ય લોકો સાથે વહેંચવા માટે પ્રેરણા આપો ઈશ્વર તમે બનાવેલી દરેક વ્યક્તિની પ્રશંસા કરીને દરેકમાં દેવી સુંદરતાનું સન્માન કરવામાં અમને મદદ કરો સમજદાર શિક્ષક /દર્દી. ઈશ્વર અમને એ ઓળખવામાં મદદ કરો કે તમે હંમેશા હાજર છો પછી ભલે અમે ગમે તેવા સંજોગોનો સામનો કરીએ. પ્રેમ આત્મા અમને તમારા આલિંગનની જરૂર છે જેથી અમે તમારા પ્રેમને સમગ્ર વિશ્વમાં ચમકાવી શકીએ અને ફેલાવી શકીએ.

સંગીતકારો પ્રાર્થના ગીતનો પુનરાવર્તન કરે છે પછી નેતા2 બોલે છે

શાણપણ નાઈશ્વર અમે અમારા વિશ્વના નેતાઓ માટે પ્રાર્થના કરીએ છીએ તેઓ નિર્ણય લે છે ત્યારે તેમના હૃદય અને દિમાગને પ્રમાણિક રાખવા માર્ગદર્શન આપો તેમને પ્રેરણા આપો અને આપણા વિશ્વની એકતા અને શાંતિ તરફ લઈ જવાની દ્રષ્ટિથી આશીર્વાદ આપો.

અમે મહિલાઓ અને છોકરીઓ માટે પ્રાર્થના કરીએ છીએ જેઓ અમારા સમાજમાં સંવેદનશીલ છે એવી પરિસ્થિતિઓ બનાવો કે જેથી વૃદ્ધ મહિલાઓ સન્માન સાથે જીવી શકે. અમારી યુવા મહિલાઓને આશાસ્પદ ભવિષ્યમાં વિકાસ કરવાનું, શિક્ષણ આકાંક્ષા અને દ્રષ્ટિ આપો. ઘરેલુ હિંસાનો અનુભવ કરતી તમામ મહિલાઓને શક્તિ હિંમત અને ધીરજ પ્રદાન કરો.

સાજાપણા ના ઈશ્વર અમને સુખાકારીમાં પુનઃસ્થાપિત કરો કેન્સર ડાયાબિટીસ અને હૃદય રોગ જેવા શારીરિક રોગોથી અમને સાજા કરો અમને માનસિક બીમારીમાંથી મુક્ત કરો અને અમારા ભાવનાત્મક ઘા મટાડો અમારી આત્મિક સુખાકારીને જોખમમાં મુકતા સ્વાર્થ અને લોભથી અમને બચાવો.

ઈશ્વર અમારી પ્રાર્થના ચળવળના વિશ્વ પ્રાર્થના દિવસમાં અમારા સમુદાયોને એક કરવા મદદ કરો. તમારો પ્રેમ દેખાડવામાં અમને મદદ કરો. જરૂરિયાતવાળા બધાને પ્રેમ અને સમર્થન કરવાનું ચાલુ રાખવા માટે અમને મજબૂત બનાવો અમને અન્ય લોકો સાથે તમારા દ્વારા અદભુત રીતે બનાવેલ ગણવા માટે દોરો જેથી બધા લોકોને લાગે કે તેઓ મહત્વપૂર્ણ છે તેમની સંભાળ રાખે છે. અને કિંમતી છે.

સંગીતકારો પ્રાર્થના ગીતનું પુનરાવર્તન કરે છે પછી નેતા ત્રણ બોલે છે

હવે ચાલો કૂક  ટાપુ અને અમારી બહેનોની હૃદયની ભાષા માઓરીમાં ઈશ્વરની પ્રાર્થના ગાવાનું ચાલુ રાખીએ. અને ગાયા પછી આપણે આપણા પોતાના હૃદયની ભાષાઓમાં પ્રભુની પ્રાર્થના બોલીશું

સંગીતકરો માવરીમાં ઈશ્વરની પ્રાર્થના ગાવામાં બધાનો નેતૃત્વ કરે છે પછી નેતા ૩બોલે છે.

ચાલો હવે પ્રભુને પ્રાર્થના આપણા હૃદયની ભાષાઓમાં બોલીએ બધા એક સાથે પ્રભુની પ્રાર્થના બોલે છે

દાનાર્પણ

નેતા એક બોલે છે

આમીન

આજે આપણે કુક ટાપુ અને ખ્રિસ્તી મહિલાઓની સાક્ષી દ્વારા આશીર્વાદ પામ્યા છે તેઓએ શેર કરેલી ત્રણ વાર્તાઓએ અમને તેમના જીવન સાથે જોડ્યા છે કુક ટાપુ અને આ મહિલાઓએ આ વિશ્વ પ્રાર્થના દિવસને માત્ર શક્ય જ નહીં ,પણ સુંદર બનાવવા માટે તેમનો સમય અને પ્રતિભા ઉદારતાથી આપી છે.

અમે હવે અર્પણના સમય પર આવીએ છીએ. વિશ્વ પ્રાર્થના દિવસે ખ્રિસ્તી મહિલાઓની આગેવાની હેઠળની એક ચળવળ છે જે વિશ્વને પ્રાર્થનામાં એક કરે છે અમે કુક ટાપુઓ માંથી અમારી બહેનો સાથે પ્રાર્થના કરીએ છીએ તેમ. અમે પ્રાર્થના પૂર્વક ક્રિયા કરવા પ્રેરાઇએ છીએ અમારા નાણાકીય સંસાધનો આપીએ એ એક રીત છે. કે અમે કાર્ય કરી શકીએ જેથી તમામ મહિલાઓ અને છોકરીઓ ગૌરવ અને સન્માન સાથે જીવી શકે.

આગેવાન 1 સમજાવે છે કે દાનાર્પણ નો ઉપયોગ કેવી રીતે કરવામાં આવશે સમજૂતી બાદ નેતા બોલે છે

જ્યારે અમે અમારું દાન આપી રહ્યા છે ત્યારે ચાલો આનંદ લઈએ પવિત્ર સ્તોત્ર દ્વારા . આપણે આપણો હૃદય ખોલીએ અને ઉદારતાથી આપીએ

જ્યારે અર્પણ લેવામાં આવે ત્યારે કુક આઇલેન્ડના ગાયનનું રેકોર્ડિંગ વગાડી શકાય છે. વૈકલ્પિક રીતે સ્થાનિક ગાયકવૃંદ સ્તોત્રને સામેલ કરી શકે છે

નેતાઓ એક બે અને ત્રણ નીચે બેસી શકે છે.

આગેવાન1 ઊભા થાય છે અને બોલે છે

ચલો પ્રાર્થના કરીએ.

ઈશ્વર અમે આ અર્પણ તમને સમર્પિત કરીએ છીએ તમે અમને આપેલી બધી ભેટો બદલ આભાર અમે તમને હમણાં જ ભેટોઆપીએ છીએ તેને આશીર્વાદ આપો જેથી તેઓ વિશ્વને આશીર્વાદ આપે . આમીન

પરસ્પર આશીર્વાદ

નેતા2 ઊભા થાય છે બોલે છે નેતા1 નીચે બેસે છે.

બીજા ભાગ તરીકે અને આજે જે વહેચવામાં આવ્યું છે તેના જવાબમાં ચાલો આપણે આપણી આસપાસ ના કેટલાક લોકોને શુભેચ્છા પાઠવીએ.

ઓરાના! બોલીને શરૂઆત કરી શકો છો અને પછી તમે તે વ્યક્તિ વિશે તમને ગમતી વાત કહી શકો છો તમે વ્યક્તિ વિશે તમને શું ગમે છે તે કહો પછી તમે' ઈશ્વરે તમને અદભુત બનાવ્યા છે '! કહીને સમાપ્ત કરી શકો છો.

જો તમે વ્યક્તિને સારી રીતે ઓળખો છો તો તમે કહી શકો છો કિયા  ઓરાના મને ગમે છે કે તમે દરેકની સાથે દયા અને આદર સાથે કેવી રીતે વર્તો છો ઈશ્વરે તમને અદભુત બનાવ્યા છે.

અથવા ‘કિયા ઓરાનાં! હું જાણું છું કે તમે  શ્રેષ્ઠ રસોઈયા છો .ઈશ્વરે તમને અદભુત બનાવ્યા છે.

અથવા કિયા ઓરના! મને ગમે છે કે તમે તમારા બાળકો માટે કેટલા સમર્પિત છો.  ઈશ્વરેતમને અદભુત બનાવ્યા છે.

જો તમે તેમને સારી રીતે જાણતા નથી તો તમે કહી શકો છો કિયા ઓરાંના! મને તમારું સ્મિત, ગમે છે. ઈશ્વરે તમને અદભુત બનાવ્યા છે!

અથવા ક્રિયા ઓરાના મને તમારું શર્ટ ગમે છે! ઈશ્વરે તમને અદભૂત બનાવ્યા છે!

તેથી ચાલો હવે એકબીજાને પરસ્પર આશીર્વાદ આપીએ.

જ્યારે લોકો એકબીજાને શુભેચ્છા પાઠવી રહ્યા છે ત્યારે વાદ્ય વાદકો પાછળ થીમ ગીત વગાડી શકે છે.

એક મિનિટ પછી આગેવાન 1,2,3અને મહિલા1,2,3 બોલવા માટે સ્થાન મેળવે છે.

ભય પમાડે તેવી રીતે મને બનાવવામાં આવી છે અને અદભુત રીતે બનાવવામાં આવી છે તમારા કાર્યો અદભુત છે જે મારો આત્મા સારી રીતે જાણે છે

અને હું મારા બધા દિવસો તમારી પ્રશંસા કરીશ

તમે ભય પમાડે તેવી રીતે અને અદભુત રીતે બનેલા છો ઈશ્વરના કાર્યો અદ્ભુત છે જે મારો આત્મા સારી રીતે જાણે છે અને હું મારા બધા દિવસો ઈશ્વરની સ્તુતિ કરીશ!

આપણને ભય પમાડે તેવી રીતે અને અદભૂત રીતે બનાવવામાં આવ્યા છે

ઈશ્વરના કાર્યો અદભુત છે જે આપણે હવે સારી રીતે જાણીએ છીએ. અને અમે અમારા બધા દિવસો ઈશ્વરની સ્તુતિ કરીશું!

સ્વાર્પણ  માટે પ્રાર્થના

નેતા 1 બોલે છે.

તો હવે શું જ્યારે આપણને ખ્યાલ આવે કે ઈશ્વર આપણી સાથે અને આપણા માટે છે ત્યારે શું થાય છે જ્યારે આપણે જાણીએ છીએ કે આપણે ભય પમાડે તેવી રીતે અને અદભુત રીતે બનેલા છે ત્યારે શું ફેરફાર થાય છે?

નેતા2 બોલે છે

આપણે જેમ માનીએ છીએ તે ઘણીવાર આપણી વાસ્તવિકતા બની જાય છે. જ્યારે આપણે અલગ રીતે વિચારીએ છીએ ત્યારે આપણે અલગ રીતે જીવીએ છીએ .આપણે જે રીતે વિચારીએ છીએ તે બદલવાથી  આપણી કાર્ય કરવાની રીત બદલાઈ જાય છે.

નેતાઉ બોલે છે.

આપણામાના દરેક ઈશ્વરની શ્રેષ્ઠ કૃતિ છે તે અનુભૂતિ આપણને કેવી રીતે અલગ રીતે જીવવામાં મદદ કરશે?

સ્ત્રી 1 બોલે છે

'મી'ની જેમ જ્યારે આપણે સમજીએ છીએ કે ઈશ્વર આપણને જાણે છે ત્યારે આપણે આપણા ડર વચ્ચે શાંતિ મેળવી શકીએ છીએ.

સ્ત્રી 2 બોલે છે .

વૈનીયું ની જેમ જ્યારે આપણે વિશ્વાસ કરીએ છીએ કે ઈશ્વર હંમેશા આપણી સાથે છે ત્યારે આપણે સંઘર્ષો વચ્ચે પણ શક્તિ મેળવી શકીએ છીએ.

સ્ત્રી૩ બોલે છે.

અને ડોક્ટર ‘ ડોન ‘ની જેમ જ્યારે આપણે સમજીએ છીએ કે આપણે અનન્ય અને વિશિષ્ટ છે ઈશ્વર દ્વારા અદભુત રીતે બનાવવામાં આવ્યા છે ત્યારે આપણે આપણી ભેટો અને પ્રતિભાનો ઉપયોગ વિશ્વની સેવા કરવા અને આશીર્વાદ આપવા માટે કરી શકીએ છીએ.

નેતા 1બોલે છે.

વિશ્વ પ્રાર્થના દિવસનો અમારું સૂત્ર જાણકારી યુક્ત પ્રાર્થના, કાર્યશીલ પ્રાર્થના છે. તો ચાલો આપણા સાથે મળીને એક છેલ્લી ક્ષણ લઈએ જેમ જેમ આપણે સમુદ્રના તરંગોને ફરીથી સાંભળીએ છીએ ચાલો આપણે પૂછીએ કે ઈશ્વર આપણને વિશ્વમાં રહેવાની નવી રીત" કાર્યશીલ પ્રાર્થના"માં કેવી રીતે બોલાવે છે.

1,2 મિનિટ માટે સમુદ્રના મોજા નું રેકોર્ડિંગ ચલાવો.

આશીર્વાદ

નેતા 1 બોલે છે.

હવે જાઓ અને સુસમાચારની રીતે જીવો.

નેતા 2 બોલે છે.

ઈશ્વર આપણા સર્જનહાર છે. ઈશ્વરે આપણને અદભુત બનાવ્યા છે ઈશ્વર આપણને જાણે છે અને ઈશ્વર આપણી સાથે છે.

નેતા 3 બોલે છે.

તમારી જાતને ઈશ્વરના અમૂલ્ય અને પ્રિય બાળક તરીકે માનો અને બીજાઓને ઈશ્વરના અમૂલ્ય અને પ્રિય બાળકો માનો.

આમીન!

સંગીતકારો સંગીત વગાડે છે . આગેવાનો લોકોનો અભિવાદન કરશે

વિશ્વ પ્રાર્થના દિવસ આંતરરાષ્ટ્રીય સમિતિ

2025 વિશ્વ પ્રાર્થના દિવસ(WDP) વાર્ષિક ઉજવણી માટે સંગત અને શૈક્ષણિક પ્રવૃત્તિઓ માટે કુક આઇલેન્ડ્સ ની પ્રાર્થના સમિતિના વિશ્વ દિવસ દ્વારા '"આઇ મેડ યુ વન્ડરફુલ' તૈયાર કરવામાં આવ્યું હતું. WDP સામગ્રી રાષ્ટ્રીય અને સ્થાનિક સમિતિઓ અને તેમની ભાગીદાર સંસ્થાઓ દ્વારા આયોજિત WDP કાર્યક્રમોના વિશિષ્ટ ઉપયોગ માટે વિકસાવવામાં આવે છે. અને કોઈપણ ઉપયોગ માટે WDP 2025 ની રિસોર્સ પેકેટ ની સામગ્રી વિશ્વ પ્રાર્થના દિવસની પ્રાર્થના આંતરરાષ્ટ્રીય સમિતિ (WDPIC)ની પરવાનગી વિના પુનઃ ઉત્પાદિત કરી શકાતી નથી

વધુ માહિતી માટે કૃપા કરીને સંપર્ક કરો

વિશ્વ પ્રાર્થના દિવસ આંતરરાષ્ટ્રીય સમિતિ 475 રિવર સાઈડ ડ્રાઇવ રૂમ 729

ન્યૂયોર્ક ની 110115 USA

admin@worlddayofprayer.net-http://Worlddayofprayer.net